ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૪/૧૮–૧૯/ 5780 તારીખ : 24 DEC 2018

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૪/૧૮–૧૯

પ્રતિ,
મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ,
૩૦૯, નિર્મળ પ્લાઝા, ત્રીજા માળે,
સંસ્કાર મંડળ ચોક, તળાજા રોડ,
ભાવનગર – ૩૬૪ ૦૦૧.
**મો.નં. ૯૮૯૮૮ ૭૧૨૬૨**

**વિષય : નવા ઈન્ડ. કનેકશનના બાબત**
**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૩૧/૦૮/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૧૮–૧૯/૪૦૬૫ તા.૧૦/૦૯/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૧૮–૧૯/૪૬૮૨ તા.૧૧/૧૦/૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૪/૧૮–૧૯/૫૧૦૧ તા.૦૫/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૩/૧૦/૧૮ તથા તા.૧૭/૧૧/૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **શહેર–૨ ભાવનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર..**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **મામસા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૪/૧૮–૧૯** ☜

વાદી :– મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખઃ– ૨૩.૧૦.૨૦૧૮ અને ૧૭.૧૧.૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી રાજેન્દ્રસિંહ એન. ગોહિલ – પાર્ટનર

પ્રતિવાદી :– શ્રી એ.એસ.ચૌધરી, કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ, મુ.ભાવનગરની નવા ઈન્ડ. કનેકશનના બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૪/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૦૪/૧૮–૧૯/૪૦૬૫ તા.૧૦.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૩/૧૦/૧૮ તથા તા.૧૭.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં મે. દેવ ઈન્ડસ્ટ્રીઝનાં પાર્ટનર શ્રી રાજેન્દ્રસિંહ એન. ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એસ.ચૌધરી, કાર્યપાલક ઈજનેર, શહેર–૨ વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ૩૦ કી.વો.નું વીજ કનેકશન માંગેલ, તેમાં પીજીવીસીએલના અધિકારી રૂબરૂ સ્થળ પર આવી તપાસ કરીને અમોને તા.૦૨/૦૮/૧૮ ના રોજ રૂા.૩,૬૮,૭૭૮/– નું એસ્ટીમેટ આપેલ, તેની રકમ અમોએ તા.૦૩/૦૮/૧૮ ના રોજ ભરી દીધેલ છે.

૧.૨ અમોએ આ જગ્યા ભાડે રાખેલ છે, પરંતુ ૧૫ દિવસ સુધી અમોને વીજ કનેકશન ના મળતાં અમો તપાસ કરવા ગયેલ ત્યારે ડીવીઝન કચેરીથી અમારૂ કનેકશન નામંજુર કરવામાં આવે છે, તેવું અમોને રૂબરૂમાં કહયું. અમોએ પુછતાં અધિકારીશ્રીએ જવાબ આપેલ કે આ જમીન ઉપર સર્વે નં.૧૭૭/૧૭૮ ઓમ બીઝનેસ હાઉસ ના નામે

P.G.V.C.L. Bhavnagar.

એચ.ટી. કનેકશન હોય, તેનું લેણું બાકી નીકળતાં હોવાથી નામંજુર કરેલ છે, તેવું કહયું.

૧.૩ અમોએ આ જમીન ઈન્દુબેન ધીરૂભાઈ ઈટાળીયા પાસેથી ભાડે રાખેલ છે. તેના આધાર પુરાવા અમે રજુ કરેલા હતાં. અમારી પાસેથી પીજીવીસીએલએ નો ડયુ સર્ટીફીકેટ માંગેલ નહોતું. તો અમને અન્યાય કરવામાં આવે છે. અમોએ દેવ ઈન્ડસ્ટ્રીઝના નામે નવી ઈન્ડસ્ટ્રીઝ ખોલતાં હોય અમોએ ૮ કરોડની બેન્ક લોન દવારા મશીનરી ખરીદી કરેલ છે. જે મશીનરી સાઈટ પર આવી ગયેલ છે અને વીજ કનેકશન ન હોવાથી અત્યારે મશીનરી એમનેમ પડેલ છે. અમારે દર મહિને બેન્કની લોન લીધેલ હોવાથી હપ્તા ભરવા પડે છે. તો વીજ કનેકશન નહી મળવાના કારણે અમારે બહુ મોટી નુકશાની ભોગવવી પડે તેમ છે. તો આપ સાહેબને વિનંતી કરીએ છીએ આનો યોગ્ય રસ્તો કરી અમોને વીજ કનેકશન અપાવો. એવી અમે ફોરમ પાસે રજુઆત કરીએ છીએ.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ દવારા નવું ઈન્ડસ્ટ્રીયલ કનેકશન ૯૨ કી.વો.નું ઘોઘા તાલુકાના માલપર ગામના રેવન્યુ સર્વે નં.૧૭૮, બ્લોક નં.૧૩૯/૧૪૦ માં લેવા માટે રૂા.૪૦૦/– રજીસ્ટ્રેશન ચાર્જ તા.૩૦/૦૭/૧૮ ના રોજ રસીદ નં. VC૮૩૬૬૪૨ થી ભરપાઈ કરેલ છે.

૨.૨ જે અનુસંધાને જે તે સમયના નાયબ ઈજનેર દવારા અરજદારને રૂા.૩૬૮૭૭૮/– નું અંદાજપત્ર તા.૦૨/૦૮/૧૮ ના રોજ પાઠવવામાં આવેલ, જે અરજદાર દવારા તા.૦૩/૦૮/૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ છે.

૨.૩ ત્યારબાદ નવા કનેકશનની કેસ ફાઈલ ઓડીટ માટે સીટી–૨ ડીવીઝન ઓફીસ ખાતે મામસા સ.ડી. દવારા મોકલવામાં આવેલ હતી. જેમાં રેવન્યુ વિભાગ દવારા વીજજોડાણ માંગણીવાળા સ્થળ પર એટલે કે સર્વે નં.૧૭૭/૧૭૮ ના બ્લોક નં.૧૩૯ માં (એચ.ટી. વીજજોડાણની માંગણી સમયે ભરેલ એ–૧ ફોર્મ ના મુદ્દા નં.૧૩ મુજબ) વીજબીલની આશરે રૂપિયા ૨૨ લાની રકમ ઓમ બીઝનેસ – એચ.ટી. વીજજોડાણની બાકી લેણી છે. જેમાં તે ગ્રાહક દવારા દાવો દાખલ કરેલ છે, જેનો દાવા નં.૩૮૨/૦૧ છે. આમ, વીજજોડાણ માંગણીવાળી જગ્યા વિવાદીત હોય, જેથી અત્રેની કચેરી દવારા સદર કેસ ફાઈલમાં ઓડીટ ઓબ્જેકશન લખી મામસા સ.ડી.ને પરત મોકલેલ છે. અને તેથી મામસા સ.ડી. દવારા એમએસડી/ટેક/ડીઈ/૮૯૨૭ તા.૨૯/૦૮/૧૮ થી અરજદારને પત્ર લખી હકીકત જણાવીને તેઓ દવારા ભરપાઈ કરેલ અંદાજપત્રની રકમ પરત મેળવી લેવા જણાવેલ છે.

૨.૪ સદર કેસમાં વિગતે જણાવવાનું કે, ઓમ બીઝનેસ પ્રા.લી. નું ૪૦૦ કેવીએનું એચ.ટી. વીજજોડાણ તેઓ દવારા સર્વે નં.૧૭૭, બ્લોક નં.૧૩૯ માં આપવામાં આવેલ છે, જે હાલમાં હયાત છે, જયાં વીજકંપનીનું ઉપર જણાવ્યા મુજબનું લેણું બાકી છે. એટલે કે મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ દવારા વીજજોડાણ સર્વે નં.૧૭૮, પ્લોટ નં.૧૩૯/૧૪૦ ઉપર માંગવામાં આવેલ છે, તે પૈકી બ્લોક નં. ૧૩૯ માં ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. ના નામનું વીજકંપનીનું લેણું બાકી છે અને તેથી જી.ઈ.આર.સી. ના જાહેરનામા ૪/૨૦૧૫ ની કલમ નં.૪.૩૦ મુજબ "નવા જોડાણ, પુનર્જોડાણ, વીજભારમાં વધારો કે ઘટાડો, નામમાં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી, તે

..૩..

જગ્યાના સબંધીત કોઈ લેણાં અથવા અરજદાર દવારા વિતરણ પરવાનેદારના અધિકારક્ષેત્રમાં કોઈપણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણના સબંધમાં કોઈ બાકી રકમ, ચુકવવામાં આવશે નહી, ત્યાં સુધી પરવાનેદાર દવારા ધ્યાનમાં લેવામાં આવશે નહી. આમ, અરજદારને સદર નિયમ મુજબ અરજદારને વીજજોડાણ મળવાપાત્ર નથી.

૨.૫ તેમજ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. અને દેવ ઈન્ડસ્ટ્રીઝને જગ્યા ભાડે આપનાર માલિક એક જ છે. તેથી પણ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. નાં બાકી લેણાં હોય, સદર સ્થળ પર વીજજોડાણ મળી શકે નહી.

૨.૬ મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ દવારા રજીસ્ટ્રેશન કરાવતાં સમયે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા પૈકી લે આઉટ પ્લાનમાં પણ સર્વે નં.૧૭૭/બ્લોક નં.૧૩૯ તથા સર્વે નં.૧૭૮/બ્લોક નં.૧૪૦ લખેલ છે.

૨.૭ જે તે સમયના નાયબ ઈજનેર દવારા સદર પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે, જે હાલમાં હયાત નથી.

૨.૮ વધુમાં એચ.ટી. વીજજોડાણની માંગણીથી લઈને તમામ કાર્યવાહી વિભાગીય કચેરી લેવલે થતી હોય છે, જયારે ૧૦૦ કેવીએથી નીચેના ઈન્ડસ્ટ્રીયલ કનેકશનની માંગણીથી લઈને તમામ કાર્યવાહી પેટા વિભાગીય કચેરી ખાતે થતી હોય, બાકી લેણાની જાણ મે. દેવ ઈન્ડસ્ટ્રીઝની કેસ ફાઈલ ઓડીટ માટે વિભાગીય કચેરી ખાતે આવતાં, માલુમ પડેલ છે.

૨.૯ વધુમાં જણાવવાનું કે, નવાં LTMD વીજજોડાણ માટે ડી.ઓ.પી. મુજબ ટી.એસ.ની રકમ બે લાખ રૂપિયાથી વધુ હોય, તો વિભાગીય કચેરીની મંજુરી ઈ–ઉર્જામાં ઓનલાઈન માંગવામાં આવે છે.

૨.૧૦ વિશેષમાં સ્થળ પર કરેલ રોજકામ મુજબ મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ દવારા જે સ્થળ પર વીજજોડાણ માંગવામાં આવેલ છે, તે જગ્યા પર એક એચ.ટી. વીજજોડાણ હયાત છે અને સદર સ્થળમાં કોઈપણ પ્રકારની ફેન્સીગ કે ભાગ પાડેલ હોય તેવું સ્પષ્ટ થતું નથી. જેથી પણ એક જ પ્રિમાઈસીસમાં એક વીજજોડાણ હયાત હોય તો અન્ય વીજજોડાણ નિયમ મુજબ આપી શકાય નહી.

૨.૧૧ જયારે વિભાગીય કચેરીમાં ઓડીટ માટે કેસફાઈલ રજુ થાય ત્યારે તેમાં રહેલા તમામ દસ્તાવેજી પુરાવા પુર્ણ હોય ત્યારબાદ ટેકનીકલ તથા બીલીગ વિભાગની મંજુરી આપવાની હોય છે. સદર કેસમાં વિભાગીય કચેરી દવારા દસ્તાવેજી પુરાવા અધુરા હોવાનું જણાવેલ છે. તેથી બાકી લેણાની વિગત જણાવી, ઓબ્જેકશન સાથે સદર કેસ ફાઈલ સ.ડી.ને પરત મોકલેલ છે.

૨.૧૨ આમ, ઉપરોકત કારણોસર મે. દેવ ઈન્ડસ્ટ્રીઝને વીજજોડાણ આપી શકાય તેમ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર દેવ ઈન્ડસ્ટ્રીઝનાં ભાગીદાર રાજેન્દ્રસિંહ ગોહિલએ માલપર ગામમાં સર્વે નં.૧૭૮ માં માંગેલ ૯૨ કી.વો.નું વીજજોડાણ ન મળવાની ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીએ દેવ ઈન્ડસ્ટ્રીઝ નાં નામનું ૯૨ કી.વો.નું ઔધોગિક વીજજોડાણ મેળવવા માટે તા.૩૦/૦૭/૧૮ ના રોજ અરજી નોંધણી કરાવેલ, જેના માટે પ્રતિવાદી એ વાદીને તા. ૦૨/૦૮/૨૦૧૮ ના રોજ રૂા.૩,૬૮,૭૭૮/– નું

..૪..

અંદાજપત્ર આપેલ, જે વાદીએ તા.૦૩/૦૮/૧૮ ના રોજ ભરી આપેલ તેમજ જરૂરી કરારનામું પ્રતિવાદી સાથે કરેલ.

૩.૩ પ્રતિવાદીની મામસા પે.વિ.કચેરીએ વાદીનાં નવા વીજજોડાણ માટે જે ફાઈલ તેની ઉપલી વિભાગીય કચેરીને ઓડીટમાં મોકલેલ ત્યારે પ્રતિવાદીનાં ધ્યાનમાં આવેલ કે વાદીએ માંગેલ વીજજોડાણ નાં સર્વે નંબર અને બ્લોક નંબર માં હાલ હાઈ ટેન્શન ગ્રાહક ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. ના નામનું હયાત વીજજોડાણ છે. રૂા.૨૨,૦૦,૦૦૦/– ની બાકી લ્હેણી રકમ છે, જે વિવાદીત હોય, ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. એ નામદાર કોર્ટમાં તે અંગેનો દાવો દાખલ કરેલ છે, જેનો દાવા નં.૩૮૨/૦૧ છે.

૩.૪ વાદીએ માંગેલ નવું ઔદ્યોગિક વીજજોડાણનાં અરજી પત્રકમાં ગામ માલપર સર્વે નં.૧૭૭/૧૭૮ દર્શાવેલ છે તેમજ બ્લોક નં.૧૩૯/૧૪૦ દર્શાવેલ છે, જે જગ્યા એ વાદીએ મે. દેવ ઈન્ડસ્ટ્રીઝ ના નામનું નવું ૯૨ કી.વો.નું ઔદ્યોગિક વીજજોડાણ માંગેલ છે.

૩.૫ પ્રતિવાદીએ ફોરમે મે. ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.–એચ.ટી. ગ્રાહકનું નવા વીજજોડાણ માટેનું જે તે સમયે ભરેલ અરજી ફોર્મ રજુ કરેલ છે. જેમાં અનુક્રમ નં.૫ માં " Address of the place where Power Supply is receive " માં વાદીએ બ્લોક નં.૧૩૯ સર્વે નં.૧૭૭–૧૭૮, ગામ–માલપર બતાવેલ છે, તેવી જ રીતે આ અરજીપત્રકનાં ફોર્મનાં અનુક્રમ નં.૧૭ માં Industrial Unit Proposed to be set up in Block No. 139 Survey No.177/178, Vill. Malpar બતાવેલ છે.

૩.૬ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.ને મળતાં માસીક વીજબીલમાં L.S. No.૧૭૭/૧૭૮, Block No.૧૩૯/૧૪૦ At. Malpar બતાવેલ છે અને આ સરનામા સાથે ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.ને તેના એચ.ટી. વીજજોડાણ માટે માસિક વીજબીલ મળે છે.

૩.૭ વાદીએ માંગેલ વીજ કનેકશનની જગ્યા અંગે સ્પષ્ટતા ન થતાં ફોરમે પ્રતિવાદીને સ્થળ પર જઈ રોજકામ કરી, પ્લાન દર્શાવવા સુચના આપતાં, પ્રતિવાદીએ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. નાં હયાત એચ.ટી. વીજજોડાણની તેમજ વાદીએ માંગેલ દેવ ઈન્ડસ્ટ્રીઝ ના વીજજોડાણની પ્રીમાઈસીસ પર તા.૩૦/૧૧/૧૮ ના રોજ ફોરમની સુચનાથી મુલાકાત લઈ, સ્થળ પરનો પ્લાન દર્શાવી રોજકામ બનાવેલ અને ફોરમને રજુ કરેલ.

૩.૮ પ્રતિવાદીએ રજુ કરેલ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.નું એચ.ટી. વીજજોડાણ જયાં ચાલુ છે તે જગ્યા તેમજ શેડ દર્શાવેલ છે તેમજ રોજકામમાં જણાવ્યા મુજબ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.નાં શેડમાં એક ભાગમાં વાદીએ દેવ ઈન્ડસ્ટ્રીઝ નામનું વીજજોડાણ માંગેલ છે.

૩.૯ તારણ નં.૩.૭ અને ૩.૮ મુજબ વાદીએ તેઓનું ઔદ્યોગિક વીજજોડાણ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. નાં શેડમાં જ માંગેલ છે તેમજ પ્રતિવાદીએ રજુ કરેલ રોજકામમાં આ બન્ને જોડાણ વચ્ચે કોઈ ફેન્સીંગ કે પાર્ટીશન નથી. આમ, વાદીએ મે. ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી.નાં જ સ્થળ પર નવું વીજજોડાણ માંગેલ છે.

૪.૦ તારણ નં.૩.૭, ૩.૮ અને ૩.૯ મુજબ વાદીએ એક જ પ્રિમાઈસીસ કે જયાં એચ.ટી. વીજજોડાણ હયાત છે ત્યાં જ બીજું એલ. ટી. ઔદ્યોગિક વીજ જોડાણની માંગણી કરેલ છે, જે જી.ઈ.આર.સી. ના સપ્લાય કોડ મુજબ



P.G.V.C.L. Bhavnagar

આપી શકાય નહી તેમજ તે જ સ્થળ પર પ્રતિવાદીની વાદી પાસેથી બાકી લ્હેણી રકમ રૂા.૨૨,00,000/- છે, જેના માટેનો દાવો નામદાર કોર્ટમાં ચાલુ છે.

૪.૧ આમ, ફોરમના ઉપર મુજબના અવલોકન અને તારણો પરથી સ્પષ્ટ જણાય છે કે વાદીએ માંગેલ વીજજોડાણની જગ્યા પર હાલ ઓમ બીઝનેસ હાઉસ પ્રા.લી. ના નામનું એચ.ટી. કનેકશન ચાલુ છે અને બન્નેની જગ્યા / શેડ એક જ હોઈ, વાદીને માંગેલ વીજજોડાણ આપી શકાય નહી તેમજ પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર આપતાં પહેલા સ્થળ પર મુલાકાત લઈ સર્વે કરેલ હોય તેવું જણાતું નથી. જેમાં પ્રતિવાદીનાં સબંધિત અધિકારીની સ્પષ્ટ બેદરકારી અને નિષ્કાળજી દેખાઈ આવે છે, જેથી તેના પર ખાતાકીય પગલાં ભરવા અને વાદીને તેમણે ભરેલ અંદાજપત્રની રકમ નિયમ મુજબ કાર્યવાહી કરી, પરત કરવી.

-:: **હુકમ** ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૪.૧ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
(પી. એચ. માવાણી)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૦૭.૧૨.૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.